# બાબા મુક્તાનંદનાં દર્શન અને તેમનું પ્રજ્ઞાન

૧. આપને ધ્યાઓ.
આપનું સન્માન કરો.
આપને સમજો.
આપનો રામ આપમાં આપ થઈને રહે છે.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, ધ્યાન સોપાન, પૃષ્ઠ ૩૭.
© ૨૦૧૨ ચિત્‌શક્તિ પબ્લિકેશન્સ®. સર્વાધિકાર સુરક્ષિત.

આ ફોટો સિદ્ધયોગ બુકસ્ટોરમાં ઉપલબ્ધ છે.

૨. *સદ્‌ગુરુનાથ મહારાજ કી જય!* ઘણા પ્રેમ અને સન્માનથી સૌનું હાર્દિક સ્વાગત. સન્માનથી બીજી વ્યક્તિનું સ્વાગત કરવું, સાચી માનવતા છે. આ જ જ્ઞાન છે. જ્યારે મનુષ્ય પોતાના અંતરમાં પરમાત્માનાં દર્શન કરે છે ત્યારે તે બીજાંઓમાં પણ પરમાત્માને જોવા લાગે છે.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *Gurudev Siddha Peeth Newsletter*, જુલાઈ ૧૯૭૯, પૃષ્ઠ ૭.
© ૧૯૭૯ ગુરુદેવ સિદ્ધપીઠ®. સર્વાધિકાર સુરક્ષિત.

૩. ગુરુ સદૈવ મંત્રરૂપે તમારા હૃદયમાં રહે છે. તેમને ત્યાં જ જુઓ — તેમની સાથે સંપર્ક બનાવી રાખવાની એ જ સૌથી ઉત્તમ રીત છે.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *From the Finite to the Infinite*, પૃષ્ઠ ૬૩.
© ૧૯૯૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

૪. મારા ગુરુદેવ ઘણીવાર કહેતા, “ભગવાન એક છે અને તેઓ પ્રેમસ્વરૂપ છે.” તેથી, તમારે શીખવું જોઈએ કે તમારા પૂરા હૃદયથી બીજાંઓનું સ્વાગત કેવી રીતે કરી શકાય. આ જ સર્વોચ્ચ ધર્મ છે.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, ગણેશપુરી નિવાસી ભગવાન નિત્યાનંદ, પૃષ્ઠ ૧૫૯.
© ૨૦૧૨ ચિત્શક્તિ પબ્લિકેશન્સ®. સર્વાધિકાર સુરક્ષિત.

૫. જ્યારે તમારી અંદર ‘તેને’ પામવાની તીવ્ર લલક હોય છે, જ્યારે તમારી અંદર તે પરમ સત્યને પામવાની તરસ હોય છે, ત્યારે તમારા પોતાના હૃદયમાં આ સત્ય સ્વયંને પ્રગટ કરે છે. એવું કયું સ્થાન છે જ્યાં આત્મા નથી? એવું કોણ છે જેનામાં આ આત્મા નથી?

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *I Have Become Alive*, પૃષ્ઠ ૩૩.
© ૧૯૯૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

૬. જેમજેમ મંત્ર તમારી અંદર અધિકાધિક સ્પંદિત થાય છે, મંત્રનું લક્ષ્ય— જે શુદ્ધ પ્રેમ છે — હૃદયમાં પ્રવાહિત થવા લાગે છે.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *From the Finite to the Infinite*, પૃષ્ઠ ૧૬૬.
© ૧૯૯૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

આ ફોટો સિદ્ધયોગ બુકસ્ટોરમાં ઉપલબ્ધ છે.

૭. આપણે પરમાત્માને પ્રાપ્ત કરવા માટે ધ્યાન નથી કરતાં પરંતુ તે પરમાત્માનાં દર્શન કરવા માટે ધ્યાન કરીએ છીએ જે પહેલાંથી જ પ્રાપ્ત છે.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *The Self is Already Attained*, પૃષ્ઠ ૧.
© ૧૯૯૩ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

૮. સાધના માટે તમને માત્ર દઢ પ્રયત્નની આવશ્યકતા છે. અને જો તમે તે દઢ પ્રયત્ન કરી શકો, તો તમે ગમે ત્યાં હોવ, તમારી સાધના સારી રીતે થશે. તેના માટે તમારે કોઈ આશ્રમમાં રહેવાની આવશ્યકતા નથી. સાધના માટે તમારામાં આત્મસાક્ષાત્કારની તીવ્ર તડપ હોવી જોઈએ અને જો તમારામાં તે હોય તો તમે કોઈપણ જગ્યાએ સાધના કરી શકો છો.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, પ્રશાંતિથી સ્પંદિત, ૧૨ જૂન.
© ૨૦૧૪ ચિત્શક્તિ પબ્લિકેશન્સ®. સર્વાધિકાર સુરક્ષિત.

૯. આપણું અસ્તિત્વ ચિતિમાં છે અને આપણે પાછા તેમાં જ વિલીન થઈ જઈએ છીએ. આપણે તે ચિતિ છીએ. આને જ સાધના કહેવાય છે.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, પ્રશાંતિથી સ્પંદિત, ૨૫ જૂન.
© ૨૦૧૪ ચિત્શક્તિ પબ્લિકેશન્સ®. સર્વાધિકાર સુરક્ષિત.

૧૦. નામસંકીર્તન એક મહાન સાધના છે. એ રક્તને પ્રભાવિત કરે છે અને રક્તના માધ્યમથી શરીરની બીજી બધી ધાતુઓને પ્રભાવિત કરે છે. મહાન સિદ્ધો, આત્મસાક્ષાત્કાર પછી પણ, આનંદપૂર્ણ નામસંકીર્તન કરતા રહે છે. જો તમે પ્રેમથી નામસંકીર્તન કરો તો તે 'નામ' જ તમને તેના અર્થ સુધી લઈ જાય છે.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, શ્રી ગુરુદેવ આશ્રમ પત્રિકા, જાન્યુઆરી ૧૯૭૪, પૃષ્ઠ ૧૦.
© ૧૯૭૪ શ્રી ગુરુદેવ આશ્રમ®. સર્વાધિકાર સુરક્ષિત.

૧૧. એ શક્તિ જે તમારી અંદર જાગ્રત થઈને ક્રિયાશીલ થઈ જાય છે, તે જ સાચી ગુરુ છે. એવું ન વિચારો કે ગુરુ, શક્તિ અને મંત્ર એકબીજાથી ભિન્ન છે. તેઓ એક જ છે. દઢતા, સ્થિતપ્રજ્ઞા અને પ્રેમ સાથે ધ્યાન કરો, એ મહસૂસ કરતા રહીને કે ગુરુ તમારા અંતરમાં નિવાસ કરે છે.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, અમેરિકાની યાત્રા ૧૯૭૦, પૃષ્ઠ ૩૨.
© ૧૯૭૪ સ્વામી મુક્તાનંદ®. સર્વાધિકાર સુરક્ષિત.

૧૨. આ યોગમાં નામસંકીર્તનની મહાનતમ ભૂમિકા છે; એ એક ચુંબક છે જે પરમાત્માની શક્તિને ખેંચે છે. નામસંકીર્તન, ધ્યાનને સરળ બનાવે છે. અંતરસ્થ કુંડલિની શક્તિ, નામસંકીર્તનથી ઘણી પ્રસન્ન થઈ જાય છે. એ જાણવા માટે કે એ કેટલું પ્રભાવશાળી છે, તમારે નામસંકીર્તન કરવું જોઈએ.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *From the Finite to the Infinite*, પૃષ્ઠ ૧૪૪.
© ૧૯૯૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

૧૩. આજે પ્રેમનો દિવસ છે, એટલા માટે હું તમારા બધાંનું ઘણા પ્રેમથી સ્વાગત કરું છું, કારણકે બધાંને પ્રેમ કરવો, મારી પૂજા છે. મારી પાસે પૂજાનું બીજું કોઈ સાધન નથી. હું તમને પ્રેમ કરું છું.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *Shree Gurudev Ashram Newsletter,* એપ્રિલ ૧૯૭૬, પૃષ્ઠ ૫.
© ૧૯૭૬ શ્રી ગુરુદેવ આશ્રમ®. સર્વાધિકાર સુરક્ષિત.

૧૪. જેમણે પોતાનામાં જગતને અને જગતમાં પોતાને જોયા અને ચરાચર જગતમાં તે 'એક'ને જોયો; મુક્તાનંદ! તે જ એક સિદ્ધ છે.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, મુક્તેશ્વરી, પૃષ્ઠ ૨૮૦.
© ૨૦14 ચિત્શક્તિ પબ્લિકેશન્સ®. સર્વાધિકાર સુરક્ષિત.

૧૫. જો તમારામાં ગુરુ પ્રત્યે પૂર્ણ ભક્તિ, આદર અને પ્રેમ છે, તો એમાં જરા પણ સંશય નથી કે તમને એ બધું મળશે જે ગુરુ પાસે આપવા માટે છે.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *Selected Essays*, પૃષ્ઠ ૫૧.
© ૧૯૯૫ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

૧૬. ગુરુ કરુણાપૂર્ણ છે, તેથી જો તમે તેમનામાં પોતાને લય કરી દો, તો તમે પણ કરુણાથી ભરાઈ જશો. પ્રેમથી, તેઓ તમારા પોતાના છે એ ભાવથી પોતાને તેમનામાં ડૂબી જવા દો.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *The Perfect Relationship*, પૃષ્ઠ ૪૭.
© ૧૯૯૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

૧૭. તે તમે જ છો જેને તમે ધ્યાનમાં જુઓ છો અને અનુભવ કરો છો અને જેને એ બોધ થાય છે કે ધ્યાનમાં તમારી સાથે શું થઈ રહ્યું છે. જે સતત વિદ્યમાન છે, તેને શોધવાનો પ્રશ્ન જ ક્યાં ઊઠે છે?

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *Satsang with Baba*, ભાગ ૫, પૃષ્ઠ ૧૭૯.

© ૧૯૭૮ ગુરુદેવ સિદ્ધપીઠ®. સર્વાધિકાર સુરક્ષિત.

૧૮. અંતર જગત મહાન છે, તે વિશાળ છે, તે દિવ્ય છે — અને ધ્યાન દ્વારા એ જગતને જાણી શકાય છે.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *From the Finite to the Infinite*, પૃષ્ઠ ૨૬.

© ૧૯૯૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

૧૯. અભિનવગુપ્તના 'તન્ત્રાલોક'માં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે બધું જ શિવ છે. આ કારણે, આ બોધના અભ્યાસ દ્વારા સમદૃષ્ટિનો ઉદય થવો ઘણો સ્વાભાવિક છે. વસ્તુતઃ જ્યારે બધું જ શિવ છે, તો દરેક વસ્તુને શિવના રૂપમાં જોવી શું એટલું મુશ્કેલ છે? આપણે આપણા રૂઢિગત દૃષ્ટિકોણને બદલવો જોઈએ. પછી આપણે સુખી થઈ જઈશું.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *Secret of the Siddhas*, પૃષ્ઠ ૨૦૨.

© ૧૯૯૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

૨૦. વેદાંતમાં એક પ્રશ્ન છે : "મનુષ્યને વેદાંતની શું આવશ્યકતા છે? મનુષ્ય કેવી રીતે વેદાંતનો ઉપયોગ કરે છે?" જે ઉત્તર આપવામાં આવ્યો છે, તે આ છે : "હું વેદાંતનું અધ્યયન કરું છું જેથી હું મારા બધાં દુઃખો અને કષ્ટોથી મુક્તિ મેળવી શકું અને મારા અંતરમાં સહજ પરમાનંદને પ્રાપ્ત કરી શકું." આપણે જ્ઞાન મેળવીએ છીએ જેથી આપણે પોતાનામાં તૃપ્ત થઈ શકીએ, જેથી આપણે મુક્ત થઈ શકીએ અને શાંતિનો અનુભવ કરી શકીએ.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *Shree Gurudev Ashram Newsletter*, સપ્ટેંબર ૧૯૭૮, પૃષ્ઠ ૯-૧૦.

© ૧૯૭૮ ગુરુદેવ સિદ્ધપીઠ®. સર્વાધિકાર સુરક્ષિત.

આ ફોટો સિદ્ધયોગ બુકસ્ટોરમાં ઉપલબ્ધ છે.

૨૧. હું આ સંસારને સંતોથી ભરેલો જોવા માંગું છું. હું બધાંને સુખી જોવા માંગું છું. દરેક વ્યક્તિ સતત આનંદમાં રહે અને તેને સ્વપ્નમાં પણ દુઃખ ન થાય. પરમાત્માને આ જ મારી અંતિમ ઇચ્છા છે.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *In the Company of a Siddha*, સંશોધિત આવૃત્તિ. પૃષ્ઠ ૩૬.
© ૧૯૮૫ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

૨૨. જે ક્ષણે તમને તમારા અંતરમાં પરમાત્માનો બોધ થાય છે, તમે આ સંપૂર્ણ સંસારને સ્વર્ગ સમાન જોવા લાગો છો.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *From the Finite to the Infinite*, પૃષ્ઠ ૪૭૧.
© ૧૯૯૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

૨૩. ગુરુકૃપાને શક્તિપાતના રૂપમાં પણ ઓળખવામાં આવે છે જેને માત્ર સિદ્ધગુરુ જ સંપ્રેષિત કરી શકે છે. તેમનામાં ભક્તને દિવ્યતાનો અનુભવ પ્રદાન કરવાનું સામર્થ્ય હોય છે. એ એકદમ સત્ય છે કે જ્યાંસુધી પૂર્ણરૂપે સામર્થ્યવાન ગુરુની કૃપા દ્વારા શક્તિપાત પ્રાપ્ત નથી થતો, ત્યાંસુધી વ્યક્તિને પૂર્ણ અંતર સમાધાન મળવું શક્ય નથી.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *Bhagawan Nityananda: His Life and Mission*, દ્વિતીય આવૃત્તિ. પૃષ્ઠ ૫૫.
© ૧૯૭૪ ગુરુદેવ સિદ્ધપીઠ®. સર્વાધિકાર સુરક્ષિત.

૨૪. ગુરુ આપે તો લેવું, ગુરુ લે તો આપવું, ગુરુના જ થઈને રહેવું —
મુક્તાનંદ! એ ગુરુભક્તિનાં લક્ષણ છે.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, મુક્તેશ્વરી, પૃષ્ઠ ૧૯૨.
© ૨૦૧૪ ચિત્શક્તિ પબ્લિકેશન્સ®. સર્વાધિકાર સુરક્ષિત.

૨૫. આ સર્વથા નિશ્ચિત છે કે આત્મા આનંદપૂર્ણ છે.... એકવાર અંતર્મુખી થઈને એ આનંદને પ્રાપ્ત કરી લેવાથી, વ્યક્તિ જ્યારે ફરીથી બહિર્મુખી થાય છે ત્યારે તે બધાંમાં એ જ આનંદનો અનુભવ કરે છે. જ્યારે તે લોકોને આ બોધ સાથે જુએ છે કે તેઓ પણ આનંદથી ભરેલાં છે, ત્યારે તે સમાધિસુખને પ્રાપ્ત કરે છે.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *From the Finite to the Infinite*, પૃષ્ઠ ૫૨૯.
© ૧૯૯૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

૨૬. કેટલો દિલમાં ખુશ છું હું. કેટલો હસતો, નાચતો, કૂદતો, પરામસ્તીમાં પૂર્ણ મસ્ત રહું છું. મુક્તાનંદ! જ્યારે હૃદયમાં નિત્યાનંદ પ્રગટ થયા તો આવી ગતિ પ્રાપ્ત કરી.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, મુક્તેશ્વરી, પૃષ્ઠ ૨૯૮.
© ૨૦૧૪ ચિત્શક્તિ પબ્લિકેશન્સ®. સર્વાધિકાર સુરક્ષિત.

૨૭. તમારે તમારા મનને "શિવોઽહમ્," "હું શિવ છું" અને "સોઽહમ્," "હું 'તે' છું,"ના ભાવમાં લીન રાખવું જોઈએ. તમારી સમજ આ હોવી જોઈએ, "એ પરમાત્મા છે જે ધ્યાન કરી રહ્યો છે. મારા ધ્યાનનાં બધાં તત્ત્વ પરમાત્મા છે. મારું ધ્યાન સ્વયં પરમાત્મા છે." આ બોધ હોય તો તમે ક્યાંય પણ, ક્યારે પણ, પોતાની સાધના કરી શકો છો.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, તિમિરથી તેજની સફર, પૃષ્ઠ ૧૨૨.
© ૨૦૦૯ ચિત્શક્તિ પબ્લિકેશન્સ®. સર્વાધિકાર સુરક્ષિત.

૨૮. શૈવદર્શન અનુસાર, જ્યારે સાધક કુંડલિની શક્તિનાં બળને પ્રાપ્ત કરી લે છે ત્યારે તે અસીમિત રૂપથી વિસ્તૃત થઈને સંપૂર્ણ વિશ્વને પોતાની અંદર આત્મસાત્ કરી લે છે; તે સંપૂર્ણ વિશ્વને પોતાના આત્મામાં જોઈ શકે છે.... તે શિવની સાથે એકરૂપ થઈને શિવ જ બની જાય છે.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, કુંડલિની : જીવનનું રહસ્ય, પૃષ્ઠ ૮.
© ૨૦૧૨ ચિત્શક્તિ પબ્લિકેશન્સ®. સર્વાધિકાર સુરક્ષિત.

૨૯. સિદ્ધ એ છે જે મુક્તિયોગના અભ્યાસ દ્વારા પરમ મુક્તિની સ્થિતિમાં પહોંચીને, હંમેશ માટે તેમાં પ્રતિષ્ઠિત થઈ જાય છે.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *Satsang with Baba*, ભાગ ૩, પૃષ્ઠ ૧૯૫.
© ૧૯૭૭ શ્રી ગુરુદેવ આશ્રમ®. સર્વાધિકાર સુરક્ષિત.

૩૦. ગુરુસેવા, અણમોલ છે. તે અમૂલ્ય છે. તમે બીજી કોઈપણ વસ્તુનું મૂલ્ય નિર્ધારિત કરી શકો છો, પરંતુ તમે ગુરુસેવાનું મૂલ્ય નિર્ધારિત નહીં કરી શકો. ગુરુસેવા કર્યા પછી જ, ગુરુને સેવા અર્પિત કર્યા પછી જ, તમને તેનો બોધ અને તેની પ્રાપ્તિ થાય છે.

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *From the Finite to the Infinite*, પૃષ્ઠ ૨૦૫.
© ૧૯૯૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

૩૧. તમારી દૃષ્ટિને બદલો. ધ્યાનમાં વધુ ને વધુ ઊંડા ઊતરતા રહીને ત્યાં પહોંચો જ્યાં અસાધારણ પરમાનંદની સ્થિતિ તમારી પ્રતીક્ષા કરી રહી છે. જ્યારે તમે એ સ્થિતિ સુધી પહોંચશો, ત્યારે તમે તે જ બની જશો. તમે એ જાણી લેશો, “હું તે છું,” *સોઽહમ્.*

~ બાબા મુક્તાનંદ

સ્વામી મુક્તાનંદ, *Everything Happens for the Best*, પૃષ્ઠ ૩૧.
© ૧૯૯૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.